**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦       ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

તા.૧૨/૦૬/૨૦૧૮ મંગળવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૦૯૮/૧૮**

## વેજલપુર પો સ્ટે ફસ્ટ ગુ ર નં ૭૭/૧૮ ધી ઇ પી કો કલમ ૩૬૩ મુજબના કામે ગુમ થનાર બાળકીને તાત્કાલીક શોધી કાઢતી વેજલપુર પોલીસ

વેજલપુર પો સ્ટે ફસ્ટ ગુ ર નં ૭૭/૧૮ ધી ઇ પી કો કલમ ૩૬૩ મુજબના કામે ગુમ થનાર બાળકી નામે અલીસા ડો/ઓ મોહમંદયાસીન અબ્દુલ રહેમાન શેખ ઉવ ૧૦ રહે બી/૨૨ જાકીર પાર્ક સોસાયટી ગુલઝાર પાર્ક ગેટ નં ૦૩ અંદર અંબર ટાવર સામે વેજલપુર અમદાવાદ શહેર નાનીને શોધવા સારુ સીનીયર પોલીસ ઇન્સ્પેકટર એ વી પટેલ તથા સેકન્ડ પો ઇન્સ એ યુ ટાપરીયા તથા સર્વેલેન્સ સ્કોડના પ્રો પો સબ ઇન્સ એ ડી દેસાઇ તથા પો સબ ઇન્સ જી જે ચાવડા તથા પો સબ ઇન્સ પી એન ખોખરા તથા સર્વેલેન્સ સ્કોડના બીજા સ્ટાફના માણસો તથા મહીલા પોલીસ તેમજ વધુમાં વધુ પોલીસાના માણસો સાથે રાખી પો સ્ટે વિસ્તારમાં પોઇન્ટો તથા નાકાબંધી કરી વધુમાં વધુ પોલીસનો ઉપયોગ કરી પેટ્રોલીંગ રાખી ગણત્રીના કલાકોમાં બાળકીને શોધી કાઢી જે તે હાલતમાં બાળકીનો કબજો તેના વાલી વારસને સોપવામાં આવેલ છે તા ૧૨।૦૬।૨૦૧૮



**<u>ચાંદખેડા પોલીસ સ્ટેશન સે.ગુ.ર.નં.૩૧૦૦/૧૮ ધી આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧) એ મુજબના કામે</u>**

આગામી રથયાત્રા અનુસંધાને મહેરબાન પોલીસ કમિશ્નર સાહેબ તથા સેક્ટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નર "એલ" ડિવીઝન નાઓએ આપેલ સુચના આધારે પોલીસ ઇન્સપેક્ટર શ્રી એ.સી.પટેલ નાઓએ પો.સ્ટે વિસ્તારમા કોઇ અનિચ્છનીય ઘટના બને નહી તે સારુ તકેદારી રાખવા સુચના આપેલ હતી જે અંનુસંધાને અત્રેના પો.સ્ટેનો સ્ટાફ કોઇ ગેરકાયદેસર પ્રવુતી અટકાવવા પ્રયત્નશીલ હતો તે દરમ્યાન આજરોજ અત્રેના સ્ટાફના પ્રો.પો.સબ.ઇન્સ એમ.એલ.સોલંકી નાઓને મળેલ બાતમી આધારે આરોપી જીતેન્દ્ર ઉર્ફે જીતુ સ/ઓ વાલજીભાઇ ધોળકીયા ઉ.વ.34 રહે: બી/21, શ્રીપાલ નગર ,ચાંદખેડા,અમદાવાદ નાને પોતાના કબજામાં વગર પાસ પરમીટે એક વિદેશી બનાવટની સિલ્વર કલરના ક્રોમ વાળી લાકડાના હાથા વાળી રિવોલ્વર - પિસ્ટલની કિંમત રૂ.૫૦,૦૦૦/- તેમજ કુલ્લે ૨૬ નંગ- જીવતાં કારતુસ કિંમત રુપીયા-૧૩૦૦/- સાથે મળી આવતા જેને તા.૧૧/૬/૧૮ ના કલાક ૧૮/૦૦ વાગે પકડી અટક કરી કાયદેસર કાર્યવાહી કરેલ છે. તા.૧૧/૬/૧૮.

**<u>સુરક્ષા સેતુ રથ :</u>**

"ખોખરા" પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનું આયોજન કરી, "ખોખરા" પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ.










નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.